PROM

# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેર ભદ્ર લાલદરવાજા ખાતે નવા બનેલ બિલ્ડીંગમાં સિટી સિવિલ અને સેસન્સ કોર્ટનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અનુસંધાને ભદ્રકાળી મંદિરની બાજુમાં આવેલ ઈન્ડિયન પોસ્ટ ઓફિસ, કોર્ટના દરવાજાની જમણી બાજુ (અક્ષાંશ -૨૩.૦૨૩૪૪૧ રેખાંશ-૭૨.૫૮૧૪૫૩) થી લઇ મધર ટેરેસા રોડ ઉપર ભદ્ર કોર્ટના પાછળના દરવાજાની ડાબી બાજુ આવેલ અખંડાનંદ હોલ (અક્ષાંશ-૨૩.૦૨૨૫૧૨ રેખાંશ-૭૨.૫૮૧૨૩૯) સુધીના અંદાજીત ૧૩ થી ૧૪ ફુટ પહોળા રોડ ઉપર કોર્ટની દિવાલને અડીને અંદાજીત સાડા ત્રણ થી ચાર ફુટ સુધી સ્લેબ ફીટ કરી તેના ઉપર ટુ વ્હીલર વાહનો પાર્ક થઇ શકે તેમ છે.

સદર રોડ ઉપર ભદ્રકાળી મંદિર આવતા દર્શનાર્થીઓ તથા ભદ્ર પ્લાઝામાં ખરીદી કરવા આવતા ગ્રાહકો તથા ત્યાંના રહીશો તેમજ કોર્ટમાં આવતા માણસોની અવર જવર રહે છે. જેથી કોર્ટની મુલાકાત માટે આવતા વ્યક્તિઓના ટુ વ્હીલર વાહનો પાર્ક કરવા માટે ઈન્ડીયન પોસ્ટ ઓફીસથી અખંડાનંદ હોલ સુધી ભદ્ર કોર્ટની દિવાલને અડીને આવેલ આશરે ચાર ફુટ જેટલો રસ્તો ટુ વ્હીલર વાહન પાર્કિંગ માટે નિયત કરવામાં આવે છે. જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૩૦/૪ /૨૦૧૯

(signature)

**( જે.આર.મોથલીયા )**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક, અમદાવાદ શહેર